પ્રસ્તાવના. ૫૮૪૩

ઐતિહાસિક વાર્તાઓ" એ નામની વાર્તામાળા ઇંગ્રેજીમાં છે. એમાં ઈંગ્લંડ, ફ્રાન્સ, સ્પેન, ા અને હિંદુસ્થાનના ઈતિહાસમાંના અદ્ભુત ાનું નવલકથા રૂપે વર્ણન કરેલું છે. આ નવલ ાનો મુખ્ય ઉદ્દેશ મનરંજન કરી ઈતિહાસનું આપવું એ છે.

'વા ગ્રંથો વાંચવાથી રમુજસાથે ઈતહાસનું જ્ઞાન હેલથી થાયછે તેવું જ્ઞાન, રાજાઓની લડાઈઓ, ગાદીપર બેસવું, પદભ્રષ્ટ થવું ને મરી જવું રસહીન બાબતોજ મુખ્યત્વે કરીને સમાએલી), એવી ઈતિહાસની ચોપડીયો વાંચવાથી થતું આવા ગ્રંથથી એક બીજો મોટો ફાયદો થાયછે. એજ કે વાંચનાર જે સમયની વાતો તે વાંચતો હોય. તે સમયના સમાજની સ્થિતિ, જનસ્વભાવ, યાદિ મહત્વની બાબતો વિષે વાકેફ થાયછે. તે ાતના આચાર વિચારમાં અને પ્રસ્તુત કાળના ચાર વિચારમાં જે ફેરફાર થયો હોયછે તે તેની ર આગળ ખડો થાયછે. અને તે ફેરફાર સારો વા

નરસો છે તેનો તે વિચાર કરવા માંડેછે. અને તે જેમાં ખોટ ખાંપણ જુએ છે તે ત્યજી દઈ પોતા આચાર વિચાર સુધારે છે.

આવા ગ્રંથોની ગુર્જર ભાષામાં ઘણી ખોટ છે. એ ગુર્જર ભાષામાં એવા ગ્રંથો મુદ્દલ નથીજ એમ નથી કહેતો. કરણઘેલો, સધરાજેસંગ, વનરાજ ચ વડો ઈત્યાદિ ગ્રંથો ગુજરાતીમાં છે. તેવા સ્વત ગ્રંથો (ભાષાંતર નહિ) ગુર્જર ભાષામાં લખાવા ઈએ. અને તેવા ગ્રંથો લખાયાથી ભાષાને તે દેશને એક મોટો ફાયદો થશે એવો મારો મત આ વાતને એક અડચણ આવશે અને તે ઘણે ખરી પણ છે એમ મને લાગે છે. તે એજ કે ગ્રંથો લખવાને પાશ્ચાત્ય દેશમાં જેવા સાધનો આવે છે, તેવા સાધનો આપણા દેશમાં મુખ્યત્વે કરીને ઇતિહાસ લખી રાખવાની ટેવ ન હોવાથી મળી આવતાં નથી. તોપણ શોધક તથા ઈતિહાસપ્રીય વિદ્વાનો એ કામ માથે લે તો તેમાં યશ આવ્યા વગર રહેશે નહિ.

મારો આ પ્રયત્ન તેવોજ પણ, બીજા પ્રકારનો છે. એટલે, સ્વતંત્ર ગ્રંથ ન લખતાં ભાષાંતર કરીને પણ

તેવા ગ્રંથો ગુર્જર ભાષામાં લખવાનો છે. તેથી ઉપ ઈંગ્રેજી વાર્તામાળામાં હિંદુસ્થાનને લગતી જે પંદર વાર્તાઓ છે તેમાંની પહેલી વાર્તાનું ભાષાંતર હાલ મેં પ્રસિદ્ધ કર્યું છે. આ વાર્તામાળામાં હિંદુસ્થાનના ઇતિહાસમાંનો મુસલમાની રાજ્યમાં બનેલા અદ્દભુત બનાવોનું નવલ કથા રૂપે વર્ણન કરેલું છે. આ પહેલી નવલકથા અથવા વાર્તા લોકપ્રીય થઈ તો બીજી વાર્તાઓ પણ પ્રગટ કરવાનો મારો ઉદ્દેશ છે. ઈશ્વર તેમાં યશ આપે. એવી ઈશ્વરની પ્રાર્થના કરી પ્રીય વાંચક વર્ગની રજા લઉં છું.

વિજયા દશમી. }
વિક્રમાર્ક સંવત્ ૧૯૫૧. } પ્રા૦ વિ૦ વ૦

સદા હિતેચ્છુ

મામા દેવીદાસ નારાયણદાસ

વસઈ.

આપનો નાનપણથી મારા પરનો પ્રેમ,
આપે સંકટ સમયે મને આપેલી ધીર,
અને વિદ્યા વાસ્તે આપે આપેલું
ઉત્તેજન, ઈત્યાદિ આપના અત્યંત
ઉપકારના બદલામાં, આપને આ
મારી અત્યંત અલ્પ, પણ
પ્રથમ કૃતિ નમ્રતા પૂર્વક
અર્પણ કરૂં છું.

આપનો આજ્ઞાંકિત,

પ્રાણજીવન વિઠ્ઠલદાસ.

५८४३

પ્રવાસીનું સ્વપ્ન.

પ્રકરણ ૧ લું.

કંદહારના અરણ્યમાં એક પ્રવાસી એકલો પ્રવાસ કરતો હતો. તે મધ્યાન્હ સમયના તડકાથી વ્યાકુળ થવાથી ઘાડી ઝાડીમાંથી ખળખળ વ્હેતા એક નાના નાળાના કાંઠાપર ઘોડાને તાજી વનસ્પતિ ખાવા છોડી દઇ પોતે ત્યાં બેઠો. એની આસ-પાસનો દેખાવ ઉદાસી પણ રમણીય હતો. જંગલ એટલું તો ઘાડું હતું કે કોળસા પાડનારાઓએ, અથવા બાળવા સારૂ લાકડાં લઇ જનારાઓએ ઠેકાણે ઠેકાણે જે થોડાં ખાળાં પાડયાં હતાં તેમાંથીજ માત્ર સૂર્યકિરણો આવતા હતા. કેટલાક ઝાડોની ઉંચાઇ એટલી તો અદ્ભુત હતી કે તે આખા જંગલના દેખાવને એક પ્રકારની પ્રૌઢતા આપતા.

ઘણાક ઝાડોની બેહદ ઉંચાઈ છે; એકસો તાસ ફૂટ જેટલી હતી. તેમના ડાળી વગરના થડ જાણે મોટા ઉંચા સ્તંભ હોય નહિ તેમ ભાસતા. ઉપર પથરાએલી અફાટ પર્ણમય ચંદનીતળે કોઈવાર જંગલી હાથીઓ બેસતા, ત્યારે ચોમેરની ભવ્ય ઉંચાઈના પ્રમાણમાં કોઈ સાધારણ નાના પ્રાણી જેવા તેઓ ભાસતા.

મનુષ્ય વસ્તીથી દૂર, જંગલના ઉંડા ખુણામાં, અથવા દૂરના પર્વતશિખરોપર સૃષ્ટિસૌંદર્યનું પૂર્ણ સ્વરૂપ પ્રગટેલું દેખાયછે. ત્યાં ફેલાયલી,-માનવી સહવાસ અથવા સંસર્ગથી ન ભંગાયલી—શાંતતા, તથા તે સ્થળના ગંભીર દેખાવથી, અને જે પદાર્થ નજરે પડવાથી મહા અગમ્ય વિશ્વકર્તાની પવિત્ર પૂજા તરફ આત્મા ખેંચાયા વગર રહેતો નથી એવા પદાર્થો ત્યાં નજરે પડવાથી, ઇશ્વરની મહા શક્તિ તરફ આપણું મન વધારે વધારે ખેંચાયછે.

તે પ્રવાસીને પોતાની દુઃખકારક અને નવાઇ જેવી સ્થિતી જોઇ કાંઇક આશ્ચર્ય થયું. તેના અં-તઃકરણમાં ગંભીર વિચાર આવવા માંડયા. સામે ખળખળ વ્હેતા નાળા તરફ શાંત દૃષ્ટિથી તે જોતો બેઠો છે, એટલામાં ઝાડીમાં કંઇ ખડખડાટ થવાથી તે ચોંક્યો; તરતજ તેણે એક ગર્જના સાંભળી; અને જોત જોતામાં પોતાના ઘોડાને એક સિંહના પંજામાં સપડાએલો તેણે દીઠો. પ્રવાસી પોતાના સ્થાનક પરથી ઉઠ્યો; તરવાર કાઢી તે ક્રૂર પ્રાણીની પછવાડે જઇ તેના પાછલા પગના સ્નાયૂ તોડી નાંખ્યા. તે પાછો ફરવા જાય છે એટલામાંતો બીજા પગપર સખત ઘા કરીને તેને તદન અસમર્થ કર્યો. તે જંગલી પશુએ તરતજ પોતાનું ભક્ષ્ય પડતું મૂક્યું. પણ તેના પંજાના ઘા એટલા તો સ-ખ્ત હતા ને પાછળથી કરેલી ફાડો એટલીતો મોટી હતી કે, બીચારો ઘોડો મૃત્યુની વેદનાથી

નાળાના કાંઠાપર આળોટવા લાગ્યો. સિંહ મહા ક્રોધથી ભયંકર ગર્જના કરવા લાગ્યો; તેણે આંખો ફાડી; તેની આયાળના કેશ ઉભા થયા; પણ પોતે સહેલા દુઃખનું વેર વાળવાને તે અસમર્થ હતો. વેર લેવાના વ્યર્થ શ્રમથી તે આગલા પગથી ઘસડાતો આવ્યો. તેના પરાભવ કર્તાએ નિર્ભયપણે તેની પાસે જઈ તરવારથી તેના મસ્તકપર ઘા કર્યો અને ફરીથી બીજા કેટલાએક ઘા કરી તેને પોતાના મૃગ આગળ મારી નાંખ્યો.

આવી રીતે અધવચ્ચેજ ઘોડાનો નાશ થયો ને જંગલમાં પગે ચાલવાનો વખત આવ્યો તેથી, અને મધ્યાન્હ સમય ક્યારનો વીતી જવાથી તેણે જરા પણ વિલંબ ન કરતાં પોતાનો રસ્તો પકડવાનો નિશ્ચય કર્યો.

ઘોડાના જીનપર ઝોળી જેવું કંઈ બાંધ્યું હતું તે ખભાપર લઇ જંગલમાં તેણે ચાલવા માંડયું. તેણે લાંબો વખત સુધી મહા મુશ્કેલીથી આગળ ચાલ્યા કીધું ત્યારે અંતે તે ખુલ્લા મેદાનમાં આવ્યો. અહીં તેણે એક હરણી પોતાના બચ્ચા સાથે ચરતી દીઠી. બચ્ચું તરતનું જન્મેલું હોવાથી પ્રવાસીએ તેનાપર એકદમ ધસી જઇ તેને પકડી લીધું. તેની ગભરાએલી માતા ભયથી નાઠી. તેને પકડવાથી પ્રવાસી ખુશ થયો ને તેના પગ બાંધી તેને બગલમાં લઈ ચાલવા માંડયું.

મેદાનનો હવે અંત આવ્યો. "જો જંગલમાં રાત્રિ કાઢવાનો પ્રસંગ આવે તો ક્ષુધા શાંત કરવાનું પાસે કંઇ પણ સાધન છે," એમ મનનું સમાધાન કરતો પ્રવાસી વળી પાછો જંગલમાં પેઠો. ભોજન તૈયાર કરવાને ઠીક પડે એવી જગા

પર તે આવ્યો ત્યારે એક સુકાયલા ઝાડના થડ પાસે તેણે હરણનું બચ્ચું મૂક્યું; ને, સુકા કાષ્ટના બે કટકાના ઘર્ષણથી અગ્નિ પ્રદિપ્ત કરી તે નાના પ્રાણીની કત્તલ કરવા જાય છે એટલામાં એની મા અત્યંત દુ:ખિત મુદ્રાથી થોડે દૂર તેના સામું જોતી ઉભેલી નજરે પડવાથી પ્રવાસી તેમ કરતો અટક્યો. અશ્રુધારા તેના ગાલપરથી ચાલી હતી; તેનું મોં ઉચ્યું હતું; ને, તેની નજર આ નવીન મનુષ્યના ચેહેરા તરફ એકસરખી લાગી હતી. પછી તેની નજર ઝાડના થડ સાથે બાંધેલા પોતાના નિર્દોષ બાળક તરફ ફરી. તે પોતાના ભય વિષે અજાણ્યું હતું, પણ મા વાસ્તે એક સરખું બેરાડતું હતું. તેની મા પ્રવાસી ઉભો હતો તેથી થોડે દૂર ધીમે ધીમે આવી ઉભી રહી. પ્રવાસી થોડાં પગલાં પાછળ હટયો. ચિંતાતુર માએ તરતજ બચ્ચા તરફ કૂદકો માર્યો. તેની પાસે બેસી

સ્પષ્ટ દેખાય એવા હર્ષથી તેને ચાટવા લાગી. પ્રવાસી પાસે આવ્યો કે તે એક છલંગ મારી બચ્ચાને છોડી ગઇ; પણ માતૃ દુઃખના પૂર્ણ ચિન્હ દર્શાવતી થોડા હાથને અંતરે પાછી ફરી.

આ દેખાવ દયા ઉપજાવનારો– માનવી પ્રાણીની અનિવાર કરૂણા માગનારો હતો. પ્રવાસીના અંતઃકરણમાં દયા ઉત્પન્ન થઇ. તેની છાતી ઉદાર વૃત્તિથી ભરાઇ ગઇ. ઉત્સાહકારક અને પવિત્ર આનંદના આવેશમાં તેણે બચ્ચાને બંધન મુક્ત કર્યું. તે કોમલ પ્રાણી પોતાની મા તરફ દોડ્યું. માતા આનંદધ્વની કરતી તેને લઇ જંગલ તરફ દોડી. પણ, જેણે તેના બચ્ચાને જીવદાન આપ્યું તેનાથી અદૃશ્ય થતાં પહેલાં જાણે આભાર દર્શાવતી હોય તેવી રીતે પાછુ વળી જોયું; ને પોતાના કોમલ બાલક સાથે ઘાડી ઝાડીમાં અલોપ થઇ ગઇ.

આ કૃત્ય કોઇ પણ સજ્જન માણસને આનંદ આપે એવું હતું. આયુષ્ય એ સ્વર્ગનું એક અત્યંત સુખકારક વરદાન, અથવા સૌથી શ્રેષ્ટ એવી એક બક્ષીસ છે. જનાવરોને તો તેનો નાશ એટલે સઘળાનો નાશ થવા જેવું છે. એવું છતાં માણસ જાત, જેમની અત્યંત સુખકારક વસ્તૂ એકલું આયુષ્યજ છે એવા જનાવરોના આયુ-ષ્યને કેવા અવિચારથી તૃણ સમાન ગણે છે! કેમકે, મુગાં જનાવરો, જ્યાં સુધી ખરેખરૂં દુઃખ તેમનાપર પડ્યું નથી, ત્યાં સુધી કોઈપણ પ્રકા-રની પહેલા ચિંતા રાખતાં નથી; પણ શારીરિક ઉપભોગનું પૂર્ણ જ્ઞાન ધરાવેછે.

હરણના બચ્ચાને જીવદાન આપવાથી પ્રવા-સીને શાંતિ વળી. તેના મનપર સારી અસર થઇ. ઝોળીમાંથી ભાત કાઢી તેણે સાદું પણ

સ્વાદિષ્ટ ભોજન કર્યું, દિવસે કરેલા ઉદાર કૃત્યનું વારંવાર સ્મરણ થવાથી પ્રીય થઇ પડેલી તે જગા પરજ રાત્રિ ગાળવાનો તેણે નિશ્ચય કર્યો.

તે રાત સ્વર્ગની એક રાત્રિ જેવી સર્વોત્તમ હતી. વૃક્ષોમાંથી સ્વચ્છ ચંદ્રપ્રભા નજરે પડતી. સંધ્યા સમયના વાયુની મંદ લ્હેરોથી જ્યારે કોમલ તરૂશાખાઓ ચલિત થતી ત્યારે વારંવાર તેના કિરણોનું વક્રીભવન થવાથી, અથવા, તેના શાંત કિરણોમાં વૃક્ષશાખાઓ કંપિત થવાથી, તે ચંદ્રપ્રભા જાણે સહસ્ત્રાવધિ આગિઆની પેઠે ચળકાટ કરી નૃત્ય કરતી હોય તેમ ભાસતી. જંગલની ઉદાસીનતા, નીલ વર્ણ આકાસમં આવતો શુભ્ર પ્રકાશ, અને દીવસની ઘ તથા ગડબડમાંથી મુક્ત થઇ વિશ્રાંતિ લેવા દેખાતી સૃષ્ટિની સામાન્ય શાંતતા.

ઐક્ય થવાથી જંગલના દેખાવમાં એક પ્રકારની વધારેજ ગંભીરતા ઉમેરાઈ. હિંસક પશુઓ ઘણા દૂર હતા. તેઓ ભક્ષ્ય શોધવાને બહાર નિકળી પડતા ત્યારે તેમની વારંવાર થતી ગર્જનાઓ રમ્ય અરણ્યસંગીતને તાલ આપતી હોય એમ ભાસતું.

પ્રવાસીએ થોડાં સુકાં પાંદડાં એકઠાં કરી એક ઝાડની વિસ્તારવાળી છાયા તળે તે રચ્યા, તે ઝાડની શાખાઓનું જમીનથી છ હાથની અંદરજ એક છત્ર થયું અને, આવી સહેલથી બનાવેલી વન્યશય્યાપર પડી પોતાના પરિશ્રમને જરૂર એવી નિદ્રાનું તેણે મનન કરવા
ં. તેના વિચાર શાંત હતા. દીવસે બનેલી
ને યાદ આવી. ઘોડાના મૃત્યુની વાત
તેને દુઃખ થતું. પણ, તેના

આયુષ્યના ટુંક ઇતિહાસમાં બનેલું—ભુલી પડેલી હરણીને તેના બાળકના દાન વિષેનું—જે જરા જેટલું વૃત્તાંત તેનું સ્મરણુ તે સંતોષથી કરતો; અને, આવો વિચાર જ્યારે તેના મનમાં આવતો ત્યારે તે વિચાર આગળ ઘોડાનો નાશ કંઈજ નહોતો.

થોડી વાર સુધી તેણે વિચારના શાંત પ્રવાહમાં વહ્યા કીધું. ઘડિએ ઘડિએ તે અર્ધજાગૃત અવસ્થામાં ડુબી જતો; અને, મનને અકસ્માત કંઇ અસર થવાથી પાછો પૂર્ણ જાગૃત થતો. છેવટે માનસીક વિચારની ચંચલ ગતિના અને દેહના શ્રમથી તે ભર ઉંઘમાં પડયો. ઉંઘમા પૂર્વ દીવસે બનેલી કેટલીએક વિચિત્ર વાતો નવા આકારમાં ને નવા રંગમાં ચિતરાઇને તેની કલ્પનાશક્તિ આગળ ખડી થઇ. તેને સ્વપ્નમાં

Y/-o5 ૯

પેગમ્બર મળ્યો, તે પાસે આવ્યો ત્યારે તેનાં દ્યુતિમય વસ્ત્રોનો એવો તો ચળકાટ થયો કે તેનાથી એની સામે જોવાયું નહિં. પેગમ્બરે તેને કહ્યું કે "દુઃખિત જાનવરને આજે દેખાડેલી તારી ઉદારતાથી, મુગાં તેમજ જેમને વાચા છે એવાં પ્રાણીઓનો પ્રભુ જે ઈશ્વર તે તારા પર બહુ પ્રસન્ન થયો છે; અને આ લોકમાં ઇનામ દાખલ તને ગિઝનીનું રાજ આપવામા આવ્યું છે. તું સત્તાના મદથી તારો ગુણ ઓછો ના કરીશ; પણ, આજે જેમ પશુ પર ઉપકાર કર્યો તેમ હવે પછીની જીંદગીમાં માણસ જાત પર કરવાનો પ્રયત્ન કર્યા કરજે." આટલા શબ્દ કહી તે સ્વર્ગનો દૂત અદૃશ્ય થયો ને પ્રવાસી જાગી ઉઠયો.

આકાશમાં ચંદ્ર હજી સ્વચ્છ હતો. તેનાથી હવે આંખો મીચીને ઉંઘાયું નહિ. જાગૃત અવ-

સ્થામાં સ્વપ્નની અસર તેના મનપર એટલી તો થઇ કે તેની આંખો નિદ્રાની નમ્ર પાર્થના કબુલ કરવાને તદન અશક્ત થઇ. તે બેઠો થયો; અને, સ્વચ્છ પણ નિસ્તેજ ચંદ્ર વધારે તેજસ્વી પ્રાત:કાળને રસ્તો આપવામાટે ધીમે ધીમે ક્ષિતિજ તરફ જતો હતો તેને વ્રક્ષમાંથી જોવા લાગ્યો.

ઝાકળ ઘણું જોસથી પડયું, અને જેમ જેમ ચંદ્ર દૂરના ડુંગર પાછળ નિચે ઉતરીને થોડો ઝાંખો પડતો ચાલ્યો, તેમ તેમ ઝાંખા શ્વેત ધુમરે ઉપર આવી દરેક પદાર્થ રાખોડિઆ રંગનો કરવા માંડયો. અંતે ઝાંખુ પરોઢિયું ધીરે ધીરે મેદાનમાં પથરાયું. પણ, જ્યાં સુધી ખીણો તરૂણ અને જળમય પ્રકાશથી ઉભરાઇ નહોતી ત્યાં સુધી પ્રવાસીને કંઇ સમજાયું નહિ. ધુમર ખાડું થયું. પાંદડાં પાણીના ભારથી ટપકવા

લાગ્યાં. અને, જે જે જગાપર ઘાડી શાખાઓ નહોતી એવી દરેક જગા વાતાવરણની ભીનાસને લીધે, જાણે અપ્સરા ભુવનના વિચિત્ર રંગથી ખીલી રહી હોય એમ ભાસતી. આકાશની નિર્મળ વસ્તુ ધારણ કરીને જાણે ગર્વથી પોતાની ડોક નમાવી હોય તેમ ઘાંસનું દરેક તણખલું વારિભારથી વાંકું વળ્યું હતું. જ્યાં સુધી દરેક વસ્તુએ પોતાનો સ્વાભાવિક રંગ, તથા પ્રકાશ અને અંધઃકાર વચ્ચેની ખરી સામ્યતા, પકડી નહોતી ત્યાં સુધી દરેક વસ્તુએ, પ્રાતઃસમયના મંદ વાયુની લ્હેરથી ખરી પડેલો એકજ મૃદુવેષ ધારણ કરેલો હતો.

જે પાંદડાંપર પોતે સુતો હતો તે પાંદડા પ્રવાસીએ એકઠાં કરી પેટવ્યા. ઝોળીમાંથી નાળિએરનો ફીક્કો કાઢીને પીધો. થોડો ટાહાડો ભાત ખાધો.

અને, રાતે કેળના પાંદડાના એક દડીઆમાં પાણી ટપકવા દીધું હતું તેમાંથી એક ઘુટડો પાણી પીધું.

તેણે ઘણું સ્વલ્પ ભોજન કર્યું પણ તે તેણે પૂર્ણ અભિરૂચિથી ખાધું. હવે પોતાની પ્રવાસની ગાંસડી ખભે બાંધી આગળ જવાને તૈયાર થયો. પણ પ્રથમ, તેણે પોતાનું મુખ પવિત્ર પુરી તરફ કરી પ્રેમળ અંતઃકરણથી પ્રાર્થના કરી "પર્યટનમાં ઇશ્વર મારૂં રક્ષણ કરજો" એમ માગી લીધું.

કેવળ અજાણ્યા રસ્તેથી તે એકલો જતો હતો ત્યારે રાતે આવેલા સ્વપ્નની વાત તેને યાદ આવ્યા વગર રહી નહિ. સ્વપ્ન એવું તો સ્પષ્ટ આવ્યું હતું કે તે ઇશ્વરનો સાક્ષાત્કાર હશે એમ થોડીવાર તેને લાગ્યું. પણ, "નામ વિનાનો, ઘરબાર વગરનો, એક પરદેશી માણસ, એક

મોટા બલિષ્ઠ રાજ્યનો અધિપતિ થાય,” એ વાત સ્વપ્નમાં દેખાય પણ કદી ખરી ન પડે, એવી અશક્ય વાતો જેવી તેને લાગી.

તેના અધિક શાંત વિચારને રાત્રિનું સ્વપ્ન બીજું કંઇજ નહિ, પણ—મનનું અત્યંત રંજન કરનારા બનાવોની એક વિશેષ સામ્યતાથી—અને તે સામ્યતાએ જાગૃત રાખેલી મનોવૃત્તિના પરિણામે ઉંઘમાં દેખાડેલી તે બનાવોની પ્રતિમાથી—નિદ્રાએ ઉશ્કેરેલી કલ્પના શક્તિની એક રમણીય કૃતિ છે એમ લાગ્યું. બક્ષિસ આપેલી વસ્તુની દેખીતી અસંભવનીયતા, આવી વાતો બનવાની મુશ્કેલી, અને આવા વિચાર મનમાં રાખવા એ મૂર્ખાઇ છે એવી યોગ્ય કલ્પના, એ સઘળું તેના મનમાં આવ્યું છતાં, રાત્રિનો વિલક્ષણ સાક્ષાત્કાર તે પોતાના મનમાંથી કાઢી શક્યો નહિ.

પ્રકરણ ૨ જું.

પ્રવાસી હવે દુર્ગમ અરણ્યમાંથી વધારે મુશ્કેલી તેમજ સહનતાથી પોતાનો પ્રવાસ કરતો હતો. આગલી રાત્રનું વિશ્રાંતિ સ્થાન છોડીને તે ઘણો દૂર ગયો નહિં, એટલામાં તે એક આછી ઝાડીવાળી ખીણમાં આવ્યો. ત્યાં તેણે બળતા અગ્નિની આસ-પાસ વિટળાઇ બેઠેલા આઠ માણસો દીઠા; તેમાં કોઇ હુક્કો પીતા હતા ને કોઇ પોતાનો ખોરાક ખાઇ રહેવા આવ્યા હતા. જો તેઓ શત્રુ હશે તો નાહાસી જવામા કાંઇ ફાવીશું નહિ એવો વિચાર કરીને હિંમતથી તે તેમની પાસે ગયો ને પૂછ્યું કે "અહીંથી પાસેના ગામમાં જવાને રસ્તો કિયો છે?"

તેમાંથી એકજણુ ઉઠયો ને ખુલ્લી રીતે પ્રવા-સીને હસી કાઢીને બોલ્યો, "કદાચ તારી

મુશાફરી અહીંજ પૂરી થાય તો તેની દરકાર તું નહિ કરે?"

"નહિ શા માટે? મને તેની દરકાર છે. જો તમે મને રસ્તો દેખાડો તો ઠીકજ છે; અને જો નહિ દેખાડો તો મને તમારી જોડે વાત કરવાને ફુરસદ નથી."

"બહુ સારૂં, પણ જે પ્રવાસી આ જંગલમાંથી જાયછે તેને સુખરૂપ જવા સારૂ કંઇ આપવું પડે છે."

"મને કોઇ આંગડીઆની જરૂર નથી ને હું કંઇપણ આપીશ નહિ."

"ત્યારે સાંભળ. તું એમ ધારે છે કે તારૂં આ હથિઆર અમારા આઠે જણાના સોળ હથિઆરને પૂરૂં પડશે? જરા ડાહ્યો થા ને ધીમો પડ. અહીં અમે અમારી ચતુરાઈથી રહીએ છીએ

અને વખત આવે તો પૈસા પડાવીએ છીએ. જ્યારે કોઈ એવો વખત નથી આવતો ત્યારે જંગલમાં જે મળે તેનાપર અમારૂં ગુજરાન ચલાવીએ છીએ. તારા પૈસા કે દાણો પાણી જે આ ખાંધપર તું લઈ જાય છે તે અમને આપ. એટલું યાદ રાખજે કે જ્યારે અમે કાંઈ માંગીએ છીએ ત્યારે અમે લીધા વગર છોડતા નથી."

"ત્યારે હું લુટારાઓના હાથમાં આવ્યો છું?"

"હા! પણ તેમાં શું?"

"તેમાં એટલુંજ કે સાત તો શું પણ બીજા સો જણ તમને મદદ કરનારા હોય તો પણ તમારા જુલમને તાબે હું નહિ થાઉં."

લુટારો હસ્યો, ને પોતાના સાથીઓ ભણી ફરી બોલ્યો, "આ વળી એવો વિચિત્ર માણસ

છે કે મારફાડ કર્યા વગર એ સાંભળવાનો નથી અને સુલેહની વાત જો એ સાંભળતો નથી તો શીકાર જીતવા સારૂ આપણુને હથિઆર વાપરવા પડશે." પ્રવાસી તરફ જોઈ તે બોલ્યો, "ચલ, તારા ખભાપરથી આ તારી કદરૂપી ખુંધ કહાડી નાંખ, અને ભાર વગર સરખો ઉભો રહે તો તું કેવો સીધો દેખાય છે તે મને જોવા દે!"

પ્રવાસીએ જવાબ આપ્યો કે, "આયુષ્યની ખરી કિંમત તેના ઉપયોગપર છે; અને, અલ્લાની જો મરજી હશે તો મારા માલના બચાવમાં હું મારૂં આયુષ્ય તજવાને તૈયાર છું. આ જગતમાં જેને દુઃખ વગર કંઇ ખબરજ નથી અને સુખની બીલકુલ આશાજ નથી તેને મૃત્યુ એ કંઇજ ચીજ નથી. તમે લુટારા છો. તમારા જેવા માણસો કદાચજ દયાળુ હોય છે.

તોપણ હું જોઈશ તો ખરો કે નિરાશ થએલા માણુસનો વેગ તમે કેવા અટકાવો છો?"

એવું કહી તે એક ઝાડ તરફ ગયો ને તેની ઓથે ઉભો રહી પોતાની તરવાર કાઢી મરતાં સુધી લઢવાનો નિશ્ચય દેખાડયો.

લુટારા ચુપ થઈ ગયા ને આવા પ્રત્યક્ષ બલીષ્ટ લોકો જોડે લઢવાનો તેનો નિશ્ચય જોઈ વિસ્મય પામ્યા.. પરંતુ પોતાનું નશીબ અજ-માવવામાં આપણા નાયકે કેટલી ભુલ કરી હતી તે દેખાડવા સારૂ તેમાંથી એક જણે એક તીર ફેંકયું ને તેનો તરવારવાળો હસ્ત વીંધીને ઝાડ સાથે જડી દીધો. પ્રવાસીએ તરતજ તીર ખેંચી કાઢયું અને ઘા કરવા સારૂ હાથ ઉંચો કર્યો પણ નિર્બળ થઈ તે નીચે પડયો. લુટારાઓએ તેનાપર તરતજ હુમલો કરી તેને નિઃશસ્ત્ર કર્યો. પણ, તેની ગાંસડીમાંનો ખજાનો

તપાસી જોતાં તેમની જે નીરાશા થઇ તે પુછવીજ નહિ. આવી મુલ્ય વગરની ચીજો વાસ્તે પ્રવાસીનું જીવપર ઉદાર થવું ધીક્કારીને તેની સઘળી ચીજો ફેંકી દીધી.

પ્રથમ બોલેલા લુટારાએ કહ્યું "કંઈ નહિ, જો એ પોતાની પાસે પૈસા નથી રાખતો તો આપણે એના દેહના પૈસા કરવા જોઇશે. એના અવયવનો બાંધો સારો છે; માટે, પેલો આપણો ગુલામ ખરીદનારો એક બળવાન મજુર સારૂ કંઇ પણ આપશે. એ બળવાન ખભાને શું બક્ષીસ આપવું તે જાણે એવો, એટલે, પોતાનો ભાર પોતે ન લઈ જતાં તારા ખભાપર મુકે એવો, ધણી તારે માટે ખોળી કહાડયા પછી અમે તને છેલ્લી સલામ કરીશું. ચલ ત્યારે, તારા હાથનો આ બેડોળ ઘા રૂઝાય ત્યાં સુધી નિરાતે રહે ત્યાર પછી પાસેના ગામમાં જવાનો રસ્તો અમે તને દેખાડીશું."

પ્રવાસીના હાથ તેની પાઘડીના છેડાથી બાંધ્યા અને જબરીથી તેને બે લુટારાની વચ્ચે ચલાવ્યો. તેઓ ઝાડીમાં પેઠા અને. પાંચેક મિનિટમાં ઘાડા જંગલમાં એકાંત જગામાં બાંધેલી કેટલીએક જંગલી ઝુંપડીઓ કને આવ્યા. આ ઝુંપડીઓ જુદી જુદી ઉંચાઈમાં બાંધેલી હતી. તેમની સામે એક ચોરસ જગા કરેલી હતી. અહીંઆ બહારવટીઆ હુક્કો પીતા, રસોઇ કરતા અને સભા ભરતા. બધાએ પરણેલા હતા અને દરેક ઝુંપડીમાં એક કુટુંબનો સમાવેશ થઈ શકતો હતો.

પ્રવાસી વાસ્તે એક પણ ઝુંપડી ખાલી નહોતી તેથી તરતજ બે જણા નવી ઝુંપડી બાંધવા મંડી પડયા, ને સુમારે બે કલાકમાં તૈયાર કરી. એક નીચા વૃક્ષની શાખાઓ તળે એક એક હાથને છેટે થોડા હલકા બાંબુ ખોસ્યા; તે વૃક્ષશાખાઓ છાપરા રૂપે થઇ; નાની નાની નેતરો બાંબુ સાથે આડી બાંધી લઇ વચ્ચે રહેલા છિદ્રો મોટા પાંદડાં

તથા સુકાં તૃણુથી પૂરી નાંખ્યા; અને અંદરના ભાગમાંથી જમીનપરનું ઘાસ વિગેરે ઉખેડી નાંખ્યું; એટલે ઝુંપડી તૈયાર થઈ!

લુટારાઓએ ત્રીજે દીવસે જુદી સ્થિતિમાં રહી જીંદગી ગુજારવાનું પ્રવાસીને ફરમાવ્યું. તેનો ઘા રૂઝાવા આવ્યો હતો, પણ તેનો હાથ હજી નિરૂપયોગી હતો. તેને પકડતી વખતે જે બંધનથી તેનો હાથ બાંધ્યા હતા તેમાંથી હજી મુક્ત ન હોતો કર્યો. તેને ઝુંપડીઓ સામેના મેદાનમાં લાવ્યા.

મુખ્ય લુટારાએ તેને કહ્યું, "નવી સ્થિતિમાં એટલે જુદી રીતથી રેહેવા માટે તું શું કહે છે? અમે લુટારા છીએ. અમારા ધંધામાં ચંચળ બુદ્ધિ અને દૃઢ અંતઃકરણના માણુસની જરૂર છે. તું સારી માતનો શૂરો પુત્ર છે. તને ખબર તો પડીજ હશે કે કેમ રેહેવું તે અમે સારી પેઠે જાણીએ છીએ. અમારી ખરચી ખુટે છે ત્યારે તે

ખરીધા વગર મેળવવાના કામમાં અમે એટલા બધા કંઇ હુશિઆર નથી. ત્યારે અમારી સાથે રહી તારો સ્વાર્થ સાધવા વીષે તું શું જવાબ આપે છે?'

પ્રવાસી બોલ્યો, "હું નથી ધારતો કે લુટારાના ધંધામાં મારી બુદ્ધિ ચંચળ છે. તમે મારાપર વિશ્વાસ નહિ રાખો તો સારૂં—મારે લીધે તમે કદાચ માર્યા જશો."

"એ જોખમ અમારે માથે. શૂર પુરૂષ પોતાની હિંમતને ખામી નથી લગાડતા. માર્યા જવાની ધાસ્તીથી બ્હીી જવું એ નામર્દનું કામ છે. અમે તારાપર વિશ્વાસ રાખીશું."

"એમ કરવામાં તમે મૂર્ખાઇનું પગલું ભરશો. શૂર પુરૂષે આબરૂથી ચાલવું જોઇએ; અને સમાજને વિષતુલ્ય એવા હરામખોરોને ઉઘાડા પાડવા એ આબરૂ ભરેલું કામ છે—તમને ઉઘાડા ન પાડવાથી સજ્જન પુરૂષોનો દ્રોહ કર્યા જેવું થશે."

"ખરૂં પૂછીશ તો હું તને શૂર સમજતો હતો; કંઈ સજ્જન નહોતો સમજતો, પણ હવે એમાંનું કંઇપણ માનવાને હું અચકાઉ છું. ઘોડાની દુમચી સાફ કરવાને અને ગુલામગિરીની વેઠ કરવાનેજ તું યોગ્ય છે! ઠીક છે, તારો ધંધો તને વ્હેલો સમજાશે."

હજી પણ પાઘડીના છેડાથી બાંધેલા હાથ ઉંચા કરીને પ્રવાસી બોલ્યો, "આ બંધનથી તારી ખાત્રી થવા દે કે બીકણ પુરૂષો ભયથી દૂર હોય છે ત્યાં સુધી શૂરા હોય છે. લુલા અને નિઃશસ્ત્ર માણસનો અપમાન કરવામાં તું શું મર્દાઈ સમજે છે?"

આ શબ્દોથી લુટારાનો મદ ઉતર્યો હવે તેનો ખરો સ્વભાવ બહાર પડ્યો. તે બોલ્યો "સબુર! શૂરપણ ને પ્રમાણિકપણા વિષે આપણા વિચાર એક સરખાજ છે. તે વિચારની હમણા કંઇ જરૂર નથી. અમારૂં કહેવું તું કબુલ નથી કરતો તેથી

ઘર ખરચ અને ઉપજીવિકા વિષેનો અમારો હક તારે નક્કી કરવો પડશે. તારી કને તારૂં પોતાનું કંઇ દ્રવ્ય દેખાતું નથી. તેથી વેચવાની ચીજ પ્રમાણે તને ગણીને તારે માટે પડેલી મહેનત અને ચિંતાના બદલામાં અમને કંઈપણ મેળવવું જોઇશે."

હવે, પ્રવાસી પોતાના કેદ કરનારા જોડે આગળ ચાલ્યો. કેટલાએક કલાક ચાલ્યા પછી વનને છેડે એક ગામડામાં તેઓ આવ્યા. ગામડામાં ગરીબ લોકોની કેટલીએક ઝુંપડીઓ હતી. ત્યાંના રહેવાસીઓ અત્યંત નીચ વર્ણના લોક હતા. તેઓ ત્યાં પહોચ્યા પછી એક વેપારી ત્યાં આવ્યો. તેણે લુટારા કનેથી પ્રવાસીને વેચાતો લીધો. એ રીતે નૂતન અને અનિશ્ચિત એવી ગુલામની સ્થિતિમાં પ્રવાસીને એક અજાણ્યા માણસને સ્વાધીન કર્યો. એ રીતે તેના સ્વપ્નનું આ એક દ્રષ્ટાંત થયું. સ્વપ્નઉસ્કેરાયલા મજજા તંતુઓની એક કલ્પિત સૃષ્ટિ છે, એવો જુદોજ વિચાર જો

તેણે પ્રથમ કર્યો હોત, તો આ સ્થિતિથી તેનું સમધાન થાત, અને આવા નિરર્થક ભ્રમે એક પળવાર પણ તેના મન ઉપર રાજ્ય ચલાવ્યું તેથી તે લજ્જીત થયો હોત.

નિરાશ થવાથી કંઇ વળવાનું નહોતું. તેથી ઇશ્વર ઉપર ગુપ્ત વિશ્વાસ રાખી દૃઢ વિવેકબુદ્ધિની કઠણ પણ શુદ્ધ સૂચના પ્રમાણે પોતાના આયુષ્યનું સ્વરૂપ બનાવવાના હેતુથી નશીબને તાબે થવાનો તેણે નિશ્ચય કર્યો.

પ્રવાસી વેપારીનો માલ થયો કે તરતજ તેણે એની જખમો તપાસી અને કાળજીથી મલમ પટ્ટી કરી. તેના સ્નાયૂની શક્તિ વિષે કંઇ વિચાર બાંધવા સારૂ તેનું હૃદય તથા અવયવો તપાસ્યા. આ પ્રથમ સંસ્કાર પૂરો થયા પછી પોતાની ખરીદીથી ખુશ થઇ ગયો હોય તેમ તે જણાયો. તે વેપારી વૃદ્ધ હતો. તેની ચામડી ઘડપણને

લીધે ઢીલી પડેલી હતી. તેનો વર્ણ ફીકો તપકીરીઆ રંગનો હતો ને તેમાં પીળા રંગની જરા ઝાંખ જણાતી હતી. તેના પીળા વાળને લીધે જાણે આખી પિત્ત પ્રકૃતિ તેના માથામાંજ મૂકી હોય તેમ લાગતું. તેની દાઢી આછી હતી; અને તે અણીવાળી હડપચીની છુટી પડેલી ચામડી ઉપર એવી તો વિખરાએલી હતી કે તેનો દેખાવ એક પ્રમાણિક ગુલામ ખરીદનારા જેવો તો નહિ, પણ કોઈ વૃદ્ધ પિશાચ્ચ જેવો લાગતો હતો. તે ઘણો પાતળો હતો, અને એના ભીમ જેવા ચાકરો તેની માસ અને અસ્થિની ખોટ પૂરી કહાડતાં.

પોતાના નવા ગુલામને એના પૂર્વ વૃત્તાંત વિષે થોડા પ્રશ્ન પૂછવાથી વેપારીની ખાત્રી થઇ કે આવું મજબુત શરીર થવા સારૂ કરવા પડતા યોગ્ય શ્રમો સહન કરવાની એને ટેવ છે. તેથી, એને

વેચ્યાથી સારો નફો મળશે એવી આશાથી તે કસરિયા વેપારીએ એની કાળજીથી ઠાઠવેઠ કરવાનો હુકમ ફરમાવ્યો. ગામડામાં એક દીવસ વિસામો લઇ તેણે ખોરાસાનનો રસ્તો પકડયો. કષ્ટથી પ્રવાસ કરતા તેઓ ત્યાં આવ્યા. વેપારીએ ગુલામને પોતાના ઘરમાંજ રાખ્યો તેણે તેનું સારૂં પોષણ કર્યું. અને વેચવા માટેની ઉત્તમ સ્થિતિમાં લાવવા સારૂ તેને ઘણી મમતાથી ચલાવ્યો. આખા ઈરાનમાં જેની બરાબરી કોઇ પણ ન કરે એવો બળવાન્ અને સુંદર ગુલામ મારી પાસે છે એવી અફવા ફેલાવવાનો ઘાટ તેણે રચ્યો. એથી ઘણા માણસો તેને ખરીદવાની ઇચ્છાથી આ નવાઇ જોવા આવ્યા. પણ તેમણે સાંભળેલું વર્ણન બરાબર ન જણાવાથી અથવા તેઓ આપી શકે અથવા આપે તે કરતાં તેની કિંમત વધારે માંગવાથી તેઓ સાટું કરવાને ના કહેતા.

એ પ્રમાણે-સર્વે પાછા ગયાથી વેપારી અધીરો થવા લાગ્યો. નકામો દરરોજ ખરચ થતો હતો તેથી તેણે વિચાર્યું કે વધારે કિંમત મળવાની શંકા ભરેલી આશાથી વધારે પૈસાની ખરાબી કરવા કરતાં કંઇક ઓછી કિંમત માગી એનો જલદી નિકાલ કરીએ તો સારૂં. આ વખતે તેને એકદમ કંઇ યુક્તિ સુઝી. તેણે વિચાર્યું કે:—

"કોઈપણ માણસને ગુલામગીરી ગમતી નથી. મારી ચિંતા અને નિરાશાની મુખ્ય ચીજ જે આ ગુલામ તેની પાસે પોતાની સ્વતંત્રતા મેળવવાનું કંઈપણ સાધન હશે."

આ વિચારથી ખુશ થઇ તેણે સિદ્ધ કર્યું કે "સ્વતંત્રતા મેળવવા સારૂ કોઇ પણ માણસ, જેને એની સ્વતંત્રતાનો પ્રતિકાર કરવાનો હક છે તેના કરતાં વધારે પૈસા આપેજ. કેમકે બીજા કરતાં એ વાત એના વધારે હિતની છે." આ કારણથી

પોતાના ગુલામની કિંમત વધારવાનો તેણે નિશ્ચય કર્યો. મોં ઉપર દેખાતા દુશ્ચિન્હ દર્શક હાસ્યથી તે પોતાને જોઇતો નફો કરનારી વસ્તુ પાસે આવ્યો, અને બોલ્યો:—

"તું સ્વતંત્ર થવાને રાજી નથી?"

"ભૂખે મરતા માણુસને 'અન્ન જોઇએ છે કે?' એમ પૂછવા જેવું તમારૂં બોલવું છે."

"ત્યારે તે માટે કંઇ આપવાની તારી મરજી છે?'

"શું આપવાની?"

"પૈસા?"

"ના, ઇશ્વરનું ઉત્તમ વરદાન વેચાતું લેવાની મારી મરજી નથી. ખરૂં જોતાં, હસમખોરોને ઉત્તેજન આપનારા અને લુટારાઓને મદદ કરનારા તમારા જેવાની ગરદન મારવી જોઇએ. તોપણ, જ્યારે એમ કરવાનો હક મને નથી, ત્યારે એ

વરદાન મારી પાસેથી છીનવી લેવાનો હક તમને પણ નથી.”

તે વેપારીનું મોં શબ જેવું ફીકું પડયું. જાણે વૃશ્ચિક દંશ થયો હોય તેમ પોતાના ઉશ્કેરાએલા ગુલામની નજર આગળથી એક પણ શબ્દ બોલ્યા વગર જતો રહ્યો.

વેપારીએ તે દીવસથી કદી ન દેખાડેલી સખ્તાઇથી પોતાના ગુલામને ચલાવ્યો. અંતે એવો ઠરાવ કર્યો કે ગળામાં એક પટ્ટો બાંધી દરરોજની ખોરાકી સારૂ એને વેઠ કરાવવી. પણ સુદૈવથી એવું બન્યું કે ખોરાસાનના નવાબ અલપ્તગીને તે ગુલામનું સરસ વર્ણન સાંભળ્યાથી તેને નજરે જોવાની ઇચ્છા એણે દર્શાવી. એથી તે ગુલામ અલપ્તગીનની હજુરમાં ગયો. નવાબને આ ગુલામ પસંદ પડવાથી વેપારીનું સમાધાન થાય એવી મોટી રકમ આપી તેણે પ્રવાસીને ખરીદ્યો.

પ્રકરણ ૩ જુ.

ગુલામને ખરીદ્યા પછી નવાબના મહેલમાં લઇ ગયા અને ત્યાં એને એક નોકરી આપી. પણ ઘણી થોડી મુદતમાં એનામાં સદ્‌ગુણના ચિન્હ જણાવાથી **અલપ્તગીને** પોતાની હાજરીમાં એને રાખ્યો, અને, થોડા દિવસમાં તે પોતાના માલીકનો એક માનીતો થઇ ગયો. **અલપ્તગીનનાં** મનમાં થએલી આવી અનુકુળ અસર દિવસે દિવસે વધતી ગઇ અને અંતે તેને રાજ્યમાં એક મોટો ઓધ્ધો મળ્યો. ગુલામમાં આવા શ્રેષ્ટ ગુણ નજરે પડવાથી **અલપ્તગીને** તેના જન્મ વિષેનું વૃત્તાંત પૂછ્યું ગુલામ બોલ્યો:—

"મારૂં વૃત્તાંત ટુંક છે. હું ગુલામ છું પણ કુળને એબ લગાડવા જેવું મેં કંઇ કર્યું નથી. હું ગરીબ પણ સ્વતંત્ર સ્થિતિમાં જન્મ્યો છું. ઇરાનનો છેલ્લો સેહેનશાહ યેઝદીજેર્દ જેના વિષે

તમે જાણતા હશોજ કે એ ખલીફ ઓથમાનના વખતમાં શત્રુથી ત્રાસ પામીને ન્હાસતો હતો તેવામાં મૂર્ગ શેહેર પાસેના જળયંત્ર કને માર્યો ગયો, તેના વંશમાં મારો જન્મ છે. તેનું કુટુંબ તુર્કસ્થાનમાં હોવાથી તેના વંશજોએ તૂર્ક લોકો સાથે સંબંધ જોડયો. તેથી તેઓ તૂર્ક થયા અને હું પણ હવે એક તૂર્ક છું.

"આ દુનિયામાં ગરીબ અને નિરાધાર સ્થિતિમાં મને ઉછેરવામાં આવ્યો છે; પણ મારી યુવાવસ્થામાં જે કંગાલ સ્થિતિ મને ખમવી પડતી તે સ્થિતિએ, સર્વશક્તિમાન પ્રભુએ હાલ જે શક્તિ મને આપી છે તે શક્તિ માટે પરિશ્રમ કરાવ્યો; અને જાતે દ્રવ્ય મેળવવાના નિશ્ચયથી નાનપણથીજ યુદ્ધકળા, બળવાન્ શરીર અને સાહસિક મનશક્તિ મેળવનારી રમતોમાં પ્રવીણ થયો. મારા જ્ઞાની અને વિદ્વાન પિતાએ દ્રવ્ય

સંબંધે તંગી છતાં મારાં મનમાં સદ્‌ગુણ બિંદુ સિંચવાને અને જ્ઞાન-બીજ વાવવાને બાકી રાખી નહિ. તેથી, રાજસભામાં માન પામનારા ઘણા લોકો કરતાં મને વધારે સારૂં શિક્ષણ મળ્યું છે એમ કહીશ તો ચાલશે.

"બાળપણથીજ મેં એવું ભવીષ્ય બાંધ્યું કે એક ગરીબ તૂર્કનો છોકરો પોતાનું આયુષ્ય ગરીબ અને અજ્ઞાન સ્થિતિમાં ગાળવા કરતાં સારી સ્થિતિને વાસ્તે જન્મેલો છે. એવી અસરથી—કેમકે, હજીસુધી તે ભવિષ્ય ખોટું પડયું છે—મેં પિતાનું ગૃહ ઓગણીસમે વર્ષે ત્યજ્યું. હું ગિઝનીની સેનામાં-નોકરી રહેવા સારૂં તે રસ્તે જતો હતો એવામાં લુટારાના હાથમાં પડયો. અને, આખરે અત્યંત ઉદાર ધણીનો ગુલામ થયો છું."

અલપ્તગીન પોતાના આશ્રિતનો વૃત્તાંત સાંભળી ખુશ થયો ને એને પોતાના રાજમાં એથી પણ ઉચ્ચ પદવીએ ચઢાવ્યો. એણે પણ પોતાની

સ્વતંત્રતાને કલંક ન લગાડતાં અલપ્તગીનની એવી તો મરજી સંપાદન કરી કે અંતે "અમીર-ઉલ્-ઉમરાવ" એટલે "મુખ્ય સરદાર" એવી પ્રસિદ્ધ પદવી એને મળી. ખોરાસાનમાં હવે તે એક પ્રખ્યાત પુરૂષ થયો. એમ થતાં થતાં અંતે તેને અલપ્તગીનની સેનાનો અધિપતિ કર્યો. સેનાને ઉત્તમ કવાયત આપી ઘણી બળવાન કરી. જય મેળવવા સારૂ તેને રણમાં લઇ ગયો. અને એ સેનાનો તે પ્રાણરૂપ થઇ રહ્યો. તેના ધણીના શત્રુઓ સેનાપતિની શ્રેષ્ટ બુદ્ધિને લીધે ભયથી શરણ આવ્યા. આથી રાજ્યમાં સર્વ સ્થળે શાંતિ અને આબાદાની ફેલાઇ રહી. એ પ્રમાણે ધીમે ધીમે તેની પ્રખ્યાતી એટલી તો વધતી ચાલી કે જંગલમાં પડેલું સ્વપ્ન તે વારંવાર સંભારવા લાગ્યો અને તે પૂર્ણ થવાનો કાળ પાસે આવે છે એમ તેને લાગ્યું. તેનો પિતા પોતાના પુત્રની ઉચ્ચ સ્થિતિ જોવાને રહ્યો નહિ. પણ તેણે પોતાની માને ખોરાસાનમાં

તેડી આણી. એની માતા પોતાના પુત્રને લોકો એક સજ્જન પુરૂષ તરીકે માન આપતાં જોઇ આનંદથી પોતાનું આયુષ્ય ગુજારવા લાગી.

થોડાંજ વર્ષની મુદતમાં પ્રવાસીના નશીબમાં કેવો ચમત્કારિક ફેરફાર થયો! જે ગુલામ પોતાથી શ્રેષ્ટ માણસને પગે પડતો તેજ ગુલામને હવે એક શ્રેષ્ટ કીર્તિમાન્ પુરૂષ તરીકે સઘળા નમન કરવા લાગ્યા! ખોરાસાનના નવાબનો એ માનીતો થયો. તેના વજીરોને રસ્તો દેખાડતો; તેના લશ્કરને રણમાં લઇ જતો; અને તેની ખાનગી સભામાં એ જાણે એક ભવિષ્યવાદી હતો. એ હમેશ નવાબની સાથે રહેતો અને એની મસલત વગર એક તણખલું પણ હાલતું નહોતું. તે હવે ઘણોજ સુખી હતો. પોતાના રાજ્ય કર્તાનો વહાલો, પોતાના હાથ તળેના માણસને પ્રાણ જેવો, પોતાના દયાળુ આશ્રય દાતાના રાજની

આસપાસના રાજાઓને કાળ જેવો—આટલું છતાં હવે એને બાકી શું હતું? તેને હવે લાગ્યું કે મારાં આયુષ્યના પ્રાતઃસમયે ચઢી આવેલ, વાદળાઓએ ભવિષ્યનો પ્રકાશ વધારે સ્પષ્ટ અને આનંદકારક કર્યો છે.

અલપ્ત્ગીનની એક સુંદર કન્યા હતી. તેની પ્રીતી મેળવવા સારૂ ખોરાસાનના મોટા મોટા બળવાન સરદારોએ પ્રયત્ન કર્યા; પણ તેમના નજરાણા તરફ બીલકુલ ધ્યાન ન આપતાં તેણે તેમના માગાં પાછા વાળ્યા. તે એક અપૂર્વ ગુણવાળી સ્ત્રી હોવાથી જેઓ તેને પરણી શકે એવી સ્થિતિમાં હતા તેઓ સ્વાભાવિક રીતે આ કન્યાને પરણવાની ઇચ્છા રાખતા હતા. પણ તેમાં સર્વે નિષ્ફળ થયા. તેના પિતાએ જેમનો સંબંધ ઘણી ખુશીથી જોડ્યો હોત એવા ઘણાઓને તેણે પસંદ ન કર્યા; અને સુંદર ઝહીરા અવિવાહિત રહી. તેની વિરક્તતાની લોકોને નવાઇ લાગતી અને

તેઓ તેની ચર્ચા ચલાવતા; પણ તેને વરવા પુચ્છનારનો એક શબ્દ પણ તે ન સાંભળતી પિતાની એકની એક કન્યા હોવાથી તેના લગ્ન કરી પોતાનો વંશ વધારવાની અલપ્તગીનને કુદરતી ચિંતા હતી. પણ પોતાની કન્યાના આવા વર્તનથી તે ઉદાસ અને નિરાશ થયો. તોપણ પ્રીય પુત્રીની પ્રીતિ અથવા અપ્રીતિની વચ્ચે પડવાનું તેને યોગ્ય ન લાગવાથી તે કંઈ પણ ઉપાય કર્યા વગર બેસી રહ્યો.

ઝહીરાના પિતાના મેહેલમાં અમીર-ઉલ-ઉમરાવ રહેતો હતો, તેથી ઝહીરાને જોવાનો પ્રસંગ એને ઘણીવાર આવતો. તેઓ વારવાર મળતાં—વાતચીત પણ કરતાં હતાં. એવી રીતે મળવાથી અને વાતચીત કરવાથી બન્નેના મનમાં પરસ્પર સારો વિચાર બંધાયો. અમીર-ઉલ-ઉમરાવે જોયું, કે હું પૂર્વે ગુલામ હતો તોપણ

મને તે કંઈ ધીક્કારતી નથી. એ પ્રમાણે પોતાના આશ્રયદાતાની કન્યા ઉપરનું વહાલ વધતાં વધતાં ઘણુંજ તીક્ષ્ણ થયું અને અમીર-ઉલ-ઉમરાવને લાગ્યું કે મારો એનાપર પ્રેમ બંધાયો છે. ઝહીરાએ મોટા મોટા લોકોના માગાં પાછા વાળવાની વાત તે જાણતો હતો. ઝહીરાના મનનું સમાધાન થવું ઘણું મુશ્કેલ છે એમ પણ તેને લાગ્યું. પરંતુ, એણે વિચાર્યું—આશા પણ કરી—કે મારા હૃદયમાં જે પ્રેમજ્વાળા પ્રકાશે છે તેનો બદલો મેળવવા સારૂ હું તેને વશ કરી શકીશ.

અમુક સ્ત્રી અને પુરૂષના મનનું ઐક્ય થયું છે એવું તેઓ મળે છે ત્યારે તરત સમજાઇ આવે છે. તેજ પ્રમાણે આ બે જણાં મળતાં ત્યારે એવું કંઇ પણ નજરે પડયા વગર રહેતું નહોતું. અમીર-ઉલ-ઉમરાવ એકવાર ખુલ્લા અર્થથી—

પણ કોમળ શબ્દથી—જ્યારે ઝહીરા જોડે બોલ્યો ત્યારે તેના ભાવાર્થથી સમજી જઈ ઝહીરાએ એવા તો નેત્રકટાક્ષ ફેંક્યાં કે અલપ્તગીની સુંદર કન્યાએ મારા મનના બળતા મનોવિકારનો પૂર્ણ બદલો આપ્યો છે એવું અમીર-ઉલ-ઉમરાવને લાગ્યું અને તેણે પોતાનો પ્રેમ કબુલ કરવાને જરા પણ વિલંબ ન કર્યો. પોતાનું ભાષણ પૂર્ણ પ્રસન્નતાથી સ્વીકારેલું જોઈ તે આનંદોધિમાં ડૂબ્યો. અમીર ઉલ ઉમરાવે પ્રેમ કબુલતી વખતે કહ્યું

"મારી કુલીન સ્ત્રી! એકવાર હું ગુલામ હતો, પણ મોટા રાજાઓના બંશમાં મારો જન્મ છે. તારૂં શુદ્ધ રૂધીર અત્યંત નીચ એવી ગુલામગીરીની સ્થિતિમાંથી સ્વતંત્રતાની શ્રેષ્ઠ પદવીએ પેહોંચેલા પુરૂષના સંયોગથી દૂષિત નહિ થાય?"

"સુંદર ઝ્હીરા બોલી, મહાશયા જેની જોડે અમારૂં સુખદુઃખ સરજ્યું છે તેને નિવડવામાં—સ્થિતિમાંથી કદાચ તે રાજા થાય કે રંક થાય એવી—તેની બાહ્ય સ્થિતિ અમે જોઇએ તે કરતાં તેની નીતિ અને ગુણ જોઈએ તે વધારે સારૂં. શ્રીમંત માણુસ પસંદ કરવો એ ઘણું સહેલછે. કુળવાન અને રાજસભામાં માન મેળવનારો પુરૂષ શોધી કાઢવો તે પણ કંઈ મુસ્કેલ નથી. બન્ને પ્રકારના માણુસો પસંદ કરવાનો પ્રસંગ મને આવ્યો હતો. પણ સદ્દગુણી માણસ પસંદ કરવાનો આજે જે પ્રસંગ આવ્યો તે અમારા આયુષ્યમાં જે થોડા શુભ પ્રસંગો આવે છે તેમાંનો એક છે."

"કુલીન સ્ત્રી! તારા પિતાની સભામાં જે ઉત્તમ સરદારો મળે છે તેમનાથી વધારે સદ્દગુણ મારામાં છે એમ મને નથી લાગતું. તેમનામાં અને મારામાં હું જાણું છું એવો એકજ મુખ્ય ફેર છે.

તે એજ કે તેમનો જન્મ ઉચ્ચ પદવી અને શ્રીમંતાઇમાં થયાથી તે પદવી તેમને શ્રમ વગર મળી છે; અને મારી પદવી—મારો જન્મ રાજ વંશમાં થવા છતાં—મેં તરવારની ધારથી મેળવી છે.”

ઝહીરા ઉત્સુકતાથી બોલી, “મારા પિતા પોતાની સંમતિ આપવાને ખુશી હશે તો તમારા સુખ દુઃખમાં વિભાગી થવાને હું સંતોષ માનું છું. કેમકે, જે કંઈ હું ઇચ્છું છું તે તેની ઇચ્છા વિરુદ્ધ નથી કરતી. સ્ત્રીનો પિતા પ્રત્યેનો ધર્મ, પતિ પ્રત્યેના ધર્મ કરતાં, પિતાના અતિશય આભારને લીધે વધારે છે. અને પિતા પ્રત્યેનો ધર્મ દેખાડવાને જો કોઇ સ્ત્રી ભૂલી તો પતિ પ્રત્યેનો ધર્મ દેખાડવાને ઘણું કરીને તે ભૂલશેજ.”

“હું હમણાજ નવાબને શોધી કાઢી તેમને આપણી ઇચ્છા દર્શાવીશ. તે મને ઘણોજ વ્હાલ છે

એમ હું કહું છું; પણ, તેનું અભિમાન મિત્રતાની વિરુદ્ધ –કેટલે સુધી છે તેનો નિર્ણય હવેજ થવાનો છે."

તેજ દીવસે અમીર-ઉલ-ઉમરાવે અલપ્તગીનની મુલાકાત લઇ તેની કન્યા ઉપરનો પોતાનો પ્રેમ દર્શાવ્યો. નવાબને એમાં કંઈજ નવાઇ ન લાગી. પણ તે બોલ્યો:—

"તમે જાણોજ છો કે ઝહીરા મારી એકની એક કન્યા છે. તે મારા હૃદયની આસપાસ, આજ સોળ વર્ષ થયા નિર્મળતા અને સુવાસિકતાની ખીલેલી એક મધુર કળી છે. એને લીધે મારા આયુષ્યમાં એક આનંદકારક દેખાવ થઇ રહ્યો છે. તેથી, મારી કન્યાને સુખી કરવાની જેવી મારી ઇચ્છા છે તેવું મારૂં કર્તવ્ય પણ છે. મોટાં વિસ્તારવાળાં રાજ્યોના અધિપતિ અને રાજ્યકાર્યમાં કુશળ એવા ચાર જુદા જુદા રાજપુત્રોએ કરગ્રહણ કરવાનાં માગાં કર્યા હતાં; પણ તેમને

તેણે નાપસંદ કર્યા. મારા દરબારમાંના કેટલાએક અમીરોએ તેને નજરાણાં મોકલ્યાં હતાં; પણ તેનુંએ એજ પરિણામ આવ્યું. આવી પવિત્ર બાબતમાં હું તેનું મન પણ નહિ ફેરવું, તેમ તેને હુકમ પણ નહિ કરૂં. તેથી માંરૂં અનુમોદન લીધા પહેલાં તમે તેનો વિચાર લો તો બહુ સારૂં.

"મારો પ્રેમ મેં તેને દર્શાવ્યો છે. તમારી પુત્રી મને વરવાને કબુલ છે. તે તમારીજ રજાની વાટ જોય છે. તમે મારો સંબંધ જોડવાને ના પાડશો તો હું નક્કી કમનશીબ થઇશ—જો હા કહેશો તો મારા સુખનો પાર નથી."

"જો એ કબુલ છે તો મારી ના નથી. જે મહાન્ દયાળુ ઇશ્વરની મરજીથી વિવાહ સંબંધ જોડાય છે તેની કૃપા તમારા પર હમેશ હજો. અંતે તેણે પોતાનું હૃદય યોગ્ય માણસને સોંપ્યું છે. હું તેથી ઘણો સંતોષ પામું છું."

થોડાજ દિવસમાં લગ્ન મોટી ધામધુમ અને દમામથી કરવામાં આવ્યાં. કેટલાએક નાપસંદ કરેલા અમીરો આ સુખી વર તરફ ઇર્ષાથી જોતા હતા, તોપણ આખા ખોરાસાન પ્રાંતમાં આનંદ વર્તી રહ્યો. આ લગ્ન પછી તરતજ ટ્રાન્સ ઓક્ઝાનિઆનો રાજ કર્ત્તા અબદુલ મુલીક સામાની મરી જવાથી તેની ગાદીએ કોને બેસાડવો, તે વિષે અલપ્તગીનનું મત લેવા સારૂં ત્યાંના સરદારોએ ખોરાસાનમાં વકીલો મોકલ્યા. સામાની વંશ ઘણોજ બળવાન્ હતો. તેની સત્તા ખ્વારૂઝમ, મેરવેર-ઉલ-નેહેર, જોરન, ખોરાસાન, સીઉસ્તાન અને ગિઝની ઉપર ચાલતી હતી. તે વંશના રાજાઓની ગાદી બુખારા શેહેરમાં હતી. બુખારાથી મોકલેલા વકીલો જ્યારે અલપ્તગીનની દરબારમાં આવ્યા ત્યારે રાજપુત્ર મનરસૂની બાલ્યાવસ્થાને લીધે તેને ગાદીનો અધિપતિ કરવામાં વાંધો લેવાને અલપ્તગીન બીલકુલ અચકાયો નહિ. તે મોટો થતાં સુધી તેના કાકાને રાજ્યનો કારભાર સોંપવાની તેણે શિફારસ કરી.

આ જવાબ રાજધાનીમાં ગયા પહેલાં, **મનસૂરના** પક્ષવાળાઓએ **મનસૂરને** ગાદીએ બેસાડયો. આ તરૂણ **પાદશાહે** દરબારમાં હાજર થવા માટે **અલપ્તગીનને** તેડું મોકલ્યું ત્યારે તેમાં કંઇપણ કપટ હશે એવી બીકથી કેટલાએક સબબો દેખાડી **અલપ્તગીન** ત્યાં હાજર ન થયો. હિજરી સન ૩૫૧ એટલે ઈ. સ. ૯૬૨ માં **અલપ્તગીને** બળવો ઉઠાવી ગિઝનીપર કૂચ કરી, પોતાના જમાઇની હુશિઆરી અને શૌર્યથી તે શેહેરનો પરાભવ કરી, ત્યાં સ્વતંત્ર ગાદી સ્થાપી.

આ વાત **મનસૂરે** સાંભળી ત્યારે તેણે પોતાના દરબારમાંના એક સરદારને ખોરાસાનની નવાબી આપી. **અલપ્તગીન** ઉપર હુમલો કરવા સારૂ કેટલીકવાર લશ્કર મોકલ્યું. પણ તેના જમાઇએ દરેક વખતે તેનો પરાભવ કર્યો. એથી તે લશ્કરનો વધારે પ્યારો અને વિશ્વાસુ બન્યો. એની ફોજ સર્વે સ્થળે વિજયી થઇ. **મનસૂરની** સત્તા ઓછી

આથી પોતાના રાજ્યના બચાવ વાસ્તે તે ભયભીત થયો.

અલપ્તગીને પોતાની સ્વતંત્રતા પંદર વર્ષ ભોગવી. તેને વારંવાર હિંદુસ્થાન જોડે લડવાનો પ્રસંગ આવતો અને તેમાં તેનું લશ્કર જય મેળવતું હતું. તે ઘણો વૃદ્ધ થઇ હિજરી સન ૩૬૫ એટલે ઇ. સ. ૯૭૫માં મરણ પામ્યો. તેની પાછળ તેનો પુત્ર અબુ ઈસાક ગાદીએ બેઠો તે પોતાના બનેવી અમીર-ઉલ-ઉમરાવને સાથે લઇ બુખારા ગયો. મનસૂરે અબુ ઇસાકનો સારો આદર સત્કાર કર્યો. રીત પ્રમાણે એને ગિઝનીનો નવાબ કર્યો અને એના સેનાધિપતિને પાદશાહે અબુ ઈસાકનો નાયબ દીવાન અને કામચલાઉ વારસ ઠરાવ્યો.

આ બનાવ પછી અબુ ઈસાક થોડાંજ વર્ષ જીવ્યો. એના મરણ પછી ઝહીરાના પતિને

સઘળા સરદારો તથા અમીર ઉમરાવોએ ગિઝનીનો પાદશાહ કર્યો. એ રીતે સ્વપ્ન ખરૂં પડયું— એક ક્ષુલ્લક ગુલામ કોણ હતો એ જાણવાની તમારી ઇચ્છા થઇ હશે! એ ગુલામ કોઇજ નહિ. પણ એનાર્થીએ વધારે પ્રખ્યાત અને હિંદુસ્થાન ઉપર સ્વારીઓ કરી જય મેળવનાર જે **મહમુદ ગિઝનવી**, તેનો પિતા **સબકતગીન** હતો.

સંપૂર્ણ.

ઇતિહાસમાંના મુખ્ય બનાવો.

ઈ૦ સ. ૯૬૨—ખોરાસાનના નવાબ **અલપ્તગીને** બંડ ઉઠાવીને ગિઝનીપર સ્વારી કરી, અને તે શેહેરનો પરાભવ કરી ત્યાં સ્વતંત્ર ગાદી સ્થાપી. બુખારાના પાદશાહ **મનસુરે** આ વાત સાંભળી ત્યારે એણે **ઈબ્રાહીમ તુર્કોમાનના** છોકરા **અબદુલહુસેન મહમદને** ગીઝનીની નવાબી આપી; અને ત્રણવાર **અલપ્તગીનપર** ફોજ મોકલી.દરવખતે તેનો પરાભવ થયો. પંદર વર્ષસુધી **અલપ્તગીન** પોતાની સ્વતંત્રતા ભોગવી મરણ પામ્યો. એ મુદતમાં તેના સરદાર **સબક્તગીને** હિંદુઓનો પરાભવ કર્યો.

ઈ૦સ૦ ૯૭૫—**અલપ્તગીન** મરી ગયો. તેનો છોકરો **અબુ ઈસાક** ગાદીએ બેઠો. એણે બે વર્ષ રાજ્ય કર્યું.

ઈ૦ સ૦ ૯૭૭—બધા અમીર ઉમરાવોએ એકમત થઈ **સબક્તગીનને** ગિઝનીની ગાદીએ બેસાડયો. એ **અલપ્તગીનની** છોકરીને પરણ્યો હતો. તે ન્યાય આપ-

ખાના કામમાં પ્રખ્યાત હતો, અને દરેક વર્ણની પ્રજાને ઘણો પ્રીય હતો. ગાદીપર બેઠા પછી પહેલેજ વર્ષે એણે કંદહાર સર કર્યું. હિંદુસ્થાન જોડે લડવાનો નિશ્ચય-કરી તે ત્યાં ગયો; કેટલાએક કિલ્લા સર કરી ત્યાં મસીદો બાંધી; અને મોટી લુટ લઈ ગિઝનીમાં આવ્યો. જય-પાળ નામના એક બળવાન બ્રાહ્મણ(?) રાજાએ, મુસ-લમાનોને જીતવા સારૂ એક મોટી ફોજ એકઠી કરી અને ઘણા હાથીઓ ભેગા કર્યા. પણ ગિઝનીના પાદશાહે આ રાજાને અટકાવવા સારૂ લશ્કર મોકલ્યું. બન્ને પક્ષની ફોજ સંધમની સરહદપર સામી થઈ. અહીં કેટલીએક નાની મોટી લડાઈઓ થઈ; અને સબક્તગીનનો છોકરો મહમુદ જે આ વખતે તરૂણાવસ્થામાં હતો અને જેણે પાછળથી હિંદુસ્થાનમાં પહેલ વહેલાં જય મેળવ્યો, તેણે આ લડાઈઓમાં એવું તો પરાક્રમ દેખાડયું કે તેની ભવિષ્યની બહાદુરી તથા વર્તણુક વીષે લોકો ખ્યાલ કરવા લાગ્યા.

એક ભયંકર તોફાનથી જયપાલની સેનામાંના હાથીઓ ને કેટલાક સિપાઈઓનો નાશ થયો તેથી તેણે સુલેહની સુચના કરી અને ગિઝનીના પાદશાહે— મહમુદે ના કહેવા છતાં—તે કબુલ કરી.

જયપાળ પોતાની રાજધાનીમાં આવ્યો ત્યારે તેણે સુલેહના કરાર પ્રમાણે ચાલવાની ના પાડી. સબક્તગીને ફરીથી લાહોર ઉપર સ્વારી કરી. જયપાળ એની સાથે લડવા સારૂં નીકળ્યો. હિંદુઓ ઘણા મરાયા ને તદ્દન પરાજીત થયા. નિલા નદીના કાંઠા સુધી મુસલમાનો તેમની પાછળ લાગ્યા. આ જીતથી સબક્તગીનને અતિશય દ્રવ્ય મળ્યું; હિંદુસ્થાનનો કેટલોએક ભાગ હાથ આવ્યો; જીતેલા દેશપર પોતાની સત્તા એણે કબુલ કરાવી; અને પેશાવરમાં દસ હજાર ઘોડેસ્વાર સાથે એક સુબેદાર નેમ્યો.

આ વખતે બુખારાનો પાદશાહ મનસૂર મરણ પામ્યો તેની પછવાડે તેનો પુત્ર નૂહ ગાદીએ બેઠો. તેની વિરૂદ્ધ ફઈક નામના એક સરદારે મોટો બળવો ઉઠાડ્યો. નૂહે ગિઝનીના પાદશાહ જોડે સુલેહ કરેલી હોવાથી તેણે બળવાખોરો પર હુમલો કરી તેમનો પરાજય કર્યો બુખારાના પાદશાહે આ ઉત્તમ નોકરીથી ખુશી થઈને સબક્તગીનને નસીરઉદ્દીન—ધર્મવીર અને એના પુત્ર મહમુદને સઈફઉદ્દવલા—રાજ્યરક્ષ એવી પદવીઓ આપી.

ફાઈકે ફરીથી લશ્કર ભેગું કર્યું અને ઓચિંતો મહમુદપર હુમલો કરી તેનો પરાભવ કર્યો તથા તેનો સરંજામ લઈ લીધો. પીતાએ પુત્રના દુઃખની વાત સાંભળી ત્યારે તે એના બચાવ માટે ગયો. બીજી વાર બળવાખોરોનો તદન નાશ કર્યો; અને બળવો તદન નિર્મૂળ કર્યો.

ઈ૦ સ૦ ૯૯૭—સબક્તગીનને લાંબો વખત ચ એવી એક વિકૃતિ ઉત્પન્ન થઈ. તે આ વખતે બુલ શહેરમાં હોવાથી હવાફેર કરવાનો તેણે નિશ્ચય ક અને ગિઝનીતરફ પ્રવાસ શરૂ કર્યો. તે થોડાએક ગયો નહી એટલામાં તો બુલ્ખની પાસેજ એક તૂર નામના ગામડામાં એને મુકામ કરવો પડયો. તે ત્યા મરણ પામ્યો અને એના શબને દાટવા સારૂ ગિઝન લઈ ગયા.